# ગણેશોત્સવની પ્રતિષ્ઠા વધે તે જવાબદારી ભક્તોની છે

સારાંશ
★વિન્સી મરચન્ટ

આજે દેશ અને દુનિયામાં ગણેશજીનો મહિમા અને મહોત્સવ ફેલાયો છે તે અભૂતપૂર્વ છે. લોકોની એક માનસિકતા છે, જેમાં લોકો જે દેવને વધુ સંખ્યામાં પૂજે છે તે જોઈને તેમાં વધુ ભક્તોની આસ્થા વધે છે અને સમુદાય બહોળો બનતો જાય છે. આસ્થા હોય અને વધે તેમાં કશું જ ખોટું નથી. લોકો શુદ્ધ ભાવનાથી ગણપતિજીના ગુણગાન હર્ષોલ્લાસ સાથે ગાય તે આવકાર્ય બાબત છે પરંતુ નવા જમાનામાં વસ્તીવધારા સાથે, આસ્તિકોની વધતી  સંખ્યા સાથે સરકાર તેમ જ ખાનગી આયોજકોની વ્યવસ્થા પણ તાલ મિલાવે એ જરૂરી છે, અન્યથા કેટલીક નહીં ઘટવા-લાયક ઘટનાઓના સાક્ષી બનવું પડે છે.

ગણેશ ઉત્સવમાં દાંડિયારાસ કે કોઈ નૃત્ય હોતાં નથી. તેનો ફાયદો એ છે કે કોઈ વિધર્મીઓ તેમાં, આસ્થા (ખોટી)ના નામે સામેલ થવાનો આગ્રહ રાખતા નથી. ઉત્સવ મહિનાઓ અગાઉથી વિવાદોમાં ફસાતો નથી. જેઓને ખરેખર, પછી ભલે વિધર્મી હોય, ગણપતિ બાપામાં શ્રદ્ધા હોય તો દર્શને જવાનો આગ્રહ રાખવો જોઈએ પણ તેઓ રાખતા નથી. સાફ અર્થ એ નીકળે છે કે, ‘કહીં પે નિગાહે, કહીં પે નિશાના.’ જો કે વિધર્મીઓમાં કોઈ એવી મોટી સંખ્યા નવરાત્રિમાં ભાગ લેવાનો આગ્રહ રાખતી હોય એવું આ લખાણ લખનારને લાગતું નથી. દેવેન્દ્ર ફડણવીસની તંગવસ્ત્રધારિણી પત્ની અમૃતા ફડણવીસ ડફોળ નિવેદનો આપીને વિવાદ ચગાવે છે.

વાત કરીએ ગણપતિ મહોત્સવના વિસ્તારની તો આજે લગભગ ભારતભરમાં દાંડિયારાસની માફક ગણેશોત્સવ છેલ્લાં વીસ-ત્રીસ વર્ષમાં છવાઈ ગયો છે. આજથી ચાલીસ વર્ષ અગાઉ મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં, સુરતથી દક્ષિણના વિસ્તારમાં તે ઉજવાતો હતો. સૌરાષ્ટ્રમાં તો ઉનાળામાં, યાદ છે ત્યાં સુધી ચૈત્ર કે વૈશાખ મહિનામાં ગણેશચતુર્થી ઊજવતા. ઘરની બહાર હળદી, કુમકુમ, સિંદૂરથી દરવાજાની એક તરફ શુભ અને બીજી તરફ લાભ લખતા. બપોરના મોદક કે ચુરમાના લાડુ બનાવતા. દરવાજાના ઉપરના ભાગમાં લાકડાથી કંડારેલી ગણેશજીની મૂર્તિની પૂજા કરતા. ત્યારે કાઠિયાવાડમાં ભાદરવાની, હાલની, ગણેશચતુર્થીનું ખાસ મહત્ત્વ નથી. આજે જેટલું મહારાષ્ટ્રમાં છે એટલું સૌરાષ્ટ્ર, રાજસ્થાન, બિહાર, યુ.પી. અને દક્ષિણનાં રાજ્યોમાં વધી ગયું છે. ગામેગામ ગણપતિજીના પંડાલ રચાય છે. મુંબઈના લાલબાગના રાજાની તર્જ પર હવે રાજકોટમાં ત્રિકોણ બાગના રાજા, જનતા બાગના રાજા વગેરે નામો રખાતાં થયાં છે. રાજકોટ અને બીજાં શહેરોમાં એવો ઉત્સવ ખીલ્યો છે કે સ્થાનિક અખબારો વિવિધ મંડળોની ગણપતિજી પ્રતિમાઓની આખા પેજમાં રોજરોજ તસવીરો છાપે છે.

હવે જરૂર એ છે કે દેશભરમાં કરોડો લોકો ઉજવણીના રંગે રંગાય છે ત્યારે રાજ્ય સરકારોએ લોજિસ્ટિક્સ, ટ્રાફિક મેનેજમેન્ટ તેમજ સલામતી બાબતે વિશેષ પરવા કરવાની જરૂર પડવાની છે. એક મોટો પ્રશ્ન તો પ્લાસ્ટર ઓફ પેરિસમાંથી બનાવેલી મૂર્તિઓનું વિસર્જન કરવાનો છે. આ વર્ષે તો ગણપતિને તેડવા અને એમને વિદાય આપવી એ બંને પ્રસંગોએ ડીજેનું ખૂબ ઊંચા અવાજમાં સતત રાત-દિવસ સંગીત વગાડવામાં આવે છે. તે પ્રશ્ન પ્રત્યે ગુણી નાગરિકોમાં ઘણી ચિંતા મુંબઈ અને પૂણે અને તે સિવાયનાં શહેરોમાં જોવા મળી. બીજી મોટી ચિંતા શહેરોમાં સર્જાતી ગીરદી અને ટ્રાફિક જામ બાબતમાં જોવા મળી. અમુક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતો સર્જાયા તેના મૂળમાં અવ્યવસ્થા હતી.


પ્લાસ્ટર ઓફ પેરિસના વપરાશનો જૂનો અને વિકરાળ પ્રશ્ન હજુ યથાવત છે. કોઈક કોઈક સ્થળે માટીના ગણપતિ તેમ જ હંગામી પુલો કે ટાંકીઓમાં વિસર્જનનો માર્ગ પાલિકાઓ કે ખાનગી મંડળો દ્વારા અપનાવવામાં આવે છે. પરંતુ ડીજેના મ્યુઝિક પર આ વખતે સખત અને અસરકારક મર્યાદા મૂકવામાં આવી છે. રાત્રિના દસ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી ગણેશોત્સવ દરમિયાન પચાસ ડેસિબલથી વધુ અવાજનું સંગીત વગાડી શકાશે નહીં. મુંબઈ વડી અદાલતે પ્રતિબંધ મૂક્યો છે. ઊંચો અવાજ કાઢે તેવા ડીજે સેટઅપ, સાઉન્ડ મિક્સર્સ કે હેવી ડોલ્બી, સિસ્ટમ્સનો ઉપયોગ થઈ શકશે નહીં. મહારાષ્ટ્રની સંસ્કૃતિ મુજબ પરંપરાગત વાજિંત્રો જેવાં કે ઢોલ-તાશા અને લેઝીમના ઉપયોગને સરઘસ દરમિયાન માન્યતા અપાઈ છે. જે લોકો ડેસિબલના નિયમોનો ભંગ કરશે તેઓના સંગીતનાં સાધનો અને માઈક, સ્પીકરો વગેરે જપ્ત કરાય છે, ભારે દંડ વસૂલ કરવામાં આવે છે અને મંડપનું લાઈસન્સ રદ કરવામાં આવે છે.

આજકાલ એ.આઈ. (કૃત્રિમ બુદ્ધિમત્તા)ના જમાનામાં સાચી જણાય એવી ખોટી અફવાઓ પણ એક ચિંતાનો વિષય બની છે. જયપુરના મોતી ડુંગરી ગણેશ મંદિરમાં પ્રસાદ અને મહેંદી લેવા માટે એવડી મોટી ગીરદી થઈ કે આખા શહેરની ટ્રાફિક વ્યવસ્થા ઠપ થઈ ગઈ. ગણેશ મંદિરના પ્રસાદ સાથે મહેંદી મેળવવાથી કુંવારા કે કુંવારિકાના છ મહિનાની અંદર લગ્ન થઈ જાય છે એવી વાત એક AI વિડિયો દ્વારા ફેલાવવામાં આવી. માત્ર જયપુરના જ નહીં, દેશભરમાંથી અઢાર લાખ અપરિણીતો મહેંદી મેળવવા જયપુરમાં આવી ચડ્યા. આખરે મંદિરના મહંતે જાહેર કરવું પડ્યું કે લગ્ન થવા બાબતની માહિતી નિરાધાર છે, એમ કંઈ લગ્ન થઈ જતાં નથી. ટ્રાફિક અને ગીરદીની સમસ્યા સર્જાઈ એ તો ઠીક છે પણ ઘટના જણાવે છે કે દેશમાં લગ્નની સમસ્યા પણ ખૂબ વકરી છે. જયપુર શહેરની વસ્તી સાડા તેંત્રીસ લાખ અને જયપુર જિલ્લાની ૬૬ લાખ છે, તેમાં એકાએક અઢી લાખ વધુ ઉમેરાયા અને લગભગ દસ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થઈ ગયો.

આજકાલ મુંબઈમાં ખૂબ જ ટ્રાફિક જામ થઈ જાય છે, જેની મુંબઈગરાઓને જો કે નવાઈ નથી પરંતુ ગણેશોત્સવમાં વિશેષ થાય છે. તેનું કારણ ગણેશ દર્શન માટે મહારાષ્ટ્રમાં મુંબઈ અને પૂણે પ્રમુખ યાત્રાધામો બની ગયાં છે. એક સર્વેક્ષણ પ્રમાણે રોજના ૭૫ લાખ લોકો મુંબઈ બહારથી મુંબઈમાં ગણપતિ દર્શન માટે પહોંચે છે અને રોજના એટલી જ સંખ્યામાં મુંબઈમાંથી બહાર જાય છે. આટલા ટ્રાફિકની વ્યવસ્થા માટે ખૂબ મોટા વ્યવસ્થાતંત્રની જરૂર પડે. ધારો કે તે હોય તો પણ મુંબઈમાં પોતાના શહેરનાં વાહનો માટે પૂરતાં રસ્તા નથી. તેમાં બહારના વધારાના લોકો અને વાહનો આટલી મોટી સંખ્યામાં આવે તો શી દશા થાય? ઘણા તો અમુક ગણપતિના દર્શન કરવાની માનતા રાખી ગુજરાત અને અન્યત્રથી મુંબઈ પહોંચે છે. તેમાં પણ લાલ બાગચા રાજાનું વિશેષ મહત્ત્વ છે. ખૂબ મોડી રાત્રે મુંબઈમાં ટ્રાફિક જામ સર્જાય છે. છેલ્લાં દસ વર્ષમાં મુંબઈની વસ્તીમાં પણ ખૂબ વધારો થયો છે. લોકો સામાન્યપણે મંગળવારે મોડી રાત્રે પણ સિદ્ધિ વિનાયકના દર્શને મોટી સંખ્યામાં જતાં હોય છે.

ભારતના લોકોની અઠ્ઠેગઠ્ઠેની અથવા ‘હોતી હૈ ચલતી હૈ’ નીતિ પણ તહેવારોમાં અકસ્માતો નોંતરે છે. વલસાડ નજીક હાઈવે પર ગણપતિજીની એક વિશાળ પ્રતિમા પધરામણી પૂર્વે જ ટ્રકમાંથી પડી અને તૂટી ગઈ. મુંબઈના ભુલેશ્વરમાં પણ પધરામણી પૂર્વે મૂર્તિ પડી ગઈ અને તેની નીચે દબાઈને એક જણનું મરણ થયું. શનિવારે લાલબાગ અને કાલા ચૌકી નજીક એક ગણપતિ મંડપમાં વીજળીના ઢીલા તારને કારણે ચાર જણને કરન્ટ લાગ્યો જેમાંનાં ત્રણનાં મરણ નીપજ્યાં. ખૂબ ગીરદી, કોલાહલ અને અવ્યવસ્થા સર્જાય તે મુજબ દુર્ઘટના ઘટવાની સંભાવના વધે છે. દેવ દર વખતે વિઘ્ન દૂર કરવા આવવાના નથી. માણસોએ પોતે પણ પોતાની કાળજી લેવાની હોય છે. લાલ બાગના ગણપતિના દર્શને આવનાર લોકોની કતાર આ વર્ષે દસ કિલોમીટર જેટલી લાંબી બને છે. લોકો અનાજ-પાણી વગર તડકામાં કલાકો સુધી ઊભા રહે છે, તંત્ર માટે વ્યવસ્થા કરવાનું મુશ્કેલ બને છે. આ વર્ષે ગણેશોત્સવ બાર દિવસનો છે. ખાસ કરીને જૂનું તળ મરાઠી મુંબઈ જેમ કે લાલ બાગ, ચિંચપોકલી, નાયગાંવ, પરેલ પરિસરમાં ગીરદી વધુ રહે છે. અગાઉ મુંબઈમાં ગેંગલીડરો પણ ગણપતિના ભવ્ય મંડપો સજાવતા હતા.

ચેમ્બુર નજીક છોટા રાજનના ગણપતિ એક સમયે ખૂબ લોકપ્રિય થયા હતા. પૂણે શહેરમાં પણ આ વર્ષે વિક્રમી ગીરદી સર્જાય છે. ગીરદી ખૂબ મોટી બને ત્યારે તમામ પ્રકારના કાયદાકાનૂનોનો છેદ ઊડી જાય છે. લોકો પોતાનું ધાર્યું કરે છે. ક્યારેક કોઈક વધુ ગંભીર અનહોની ઘટના ના સર્જાય તે માટે તંત્રે લોકોના સંચલનનો કારગર ઉપાય અજમાવવો પડશે. આજનાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો તેમાં મહત્ત્વના ઉપયોગી બની શકે છે. ક્યાં મંડળમાં કેટલી ગીરદી છે તેની, સોશિયલ મીડિયા અને જાહેર પ્રસારણનાં માધ્યમો વચ્ચે સંકલન સાધીને, માહિતી જાહેર કરી શકાય. ગયા શનિવાર-રવિવારે પૂણેમાં અભૂતપૂર્વ સંખ્યામાં લોકો દર્શને પધાર્યા હતા અને ઉમટ્યા હતા. શ્રીમંત દગડુ શેઠ હલવાઈ ગણેશોત્સવ ખાતે તેની સૌથી મોટી અસર પડી હતી. શાંતિ અને વ્યવસ્થા જાળવવાથી પ્રજા અને વ્યવસ્થાતંત્ર, સરકારની આબરૂ વધે છે, બાપાનો મહિમા પણ વધે છે.




**લોકો શુદ્ધ ભાવનાથી ગણપતિજીના ગુણગાન હર્ષોલ્લાસ સાથે ગાય તે આવકાર્ય બાબત છે પરંતુ નવા જમાનામાં વસ્તીવધારા સાથે, આસ્તિકોની વધતી  સંખ્યા સાથે સરકાર તેમ જ ખાનગી આયોજકોની વ્યવસ્થા પણ તાલ મિલાવે એ જરૂરી છે, અન્યથા કેટલીક નહીં ઘટવા-લાયક ઘટનાઓના સાક્ષી બનવું પડે છે**